**પ્રધાનમંત્રી રિયો ડી જાનેરોમાં BRICS દરમિયાન બોલિવિયાના રાષ્ટ્રપતિને મળ્યા (07 જુલાઈ, 2025)**

07 જુલાઈ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં BRICS શિખર સંમેલન દરમિયાન, બોલિવિયાના બહુરાષ્ટ્રીય સ્ટેટના રાષ્ટ્રપતિ, મહામહિમ લુઇસ એર્સે કેટાકોરા સાથે મુલાકાત કરી.

2. બંને નેતાઓએ દ્વિપક્ષીય સહકારની સમીક્ષા કરી અને પ્રાપ્ત થયેલી પ્રગતિ સાથે સંતોષ વ્યક્ત કર્યો. તેમણે મહત્વપૂર્ણ ખનિજો, વેપાર અને વાણિજ્ય, ડિજિટલ જાહેર ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને UPI, સ્વાસ્થ્ય અને ફાર્માસ્યુટિકલ્સ, પરંપરાગત ચિકિત્સા, નાના અને મધ્યમ ઉદ્યોગો, તાલીમ અને ક્ષમતા નિર્માણમાં સહયોગ પર ચર્ચા કરી. બંને નેતાઓએ મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રમાં સહયોગ વધારવા અને આ ક્ષેત્રમાં સ્થાયી અને પારસ્પરિક રૂપે લાભદાયી ભાગીદારીને વિકસિત કરવાની ક્ષમતાને માન્યતા આપી. તેમણે બંને દેશો વચ્ચે ચાલી રહેલ વિકાસ સહયોગ પર સંતોષ વ્યક્ત કર્યો અને તેમાં ત્વરિત પ્રભાવ પરિયોજનાઓ અને ITEC શિષ્યવૃત્તિ કાર્યક્રમો અંતર્ગત ક્ષમતા નિર્માણની પહેલ પણ સામેલ છે.

3. પ્રધાનમંત્રીએ માર્ચ-એપ્રિલ 2025 માં  લા પાઝ અને દેશના અન્ય ઘણા ભાગોમાં આવેલ ભયંકર પૂરને ધ્યાનમાં રાખીને બોલિવિયાના લોકો માટે એકતા વ્યક્ત કરી. તેમણે આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનમાં જોડાવા બદલ બોલિવિયાને પણ અભિનંદન પાઠવ્યા હતા.

4. પ્રધાનમંત્રીએ 6 ઓગસ્ટ 2025 ના રોજ સ્વતંત્રતાના 200 વર્ષ પૂરાં થતાં, તેને ધ્યાનમાં રાખી દેશના દ્વિ-શતાબ્દી સમારોહ પ્રસંગે બોલિવિયાના લોકો અને સરકારને હાર્દિક શુભકામનાઓ આપી.

રિયો ડી જાનેરો

07 જુલાઈ, 2025